**Notification**

***Regarding***

**The Assistant Geologist, Class II, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2016.**

**ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર. ૦૭-૦૬-૨૦૧૬.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીયુ/૨૦૧૬/૫૮/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૪/ડી-૩:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨ની જગા ઉપરની નિમણૂક, જેણે,-

(ક) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨ની જગા ઉપર બઢતી માટે ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

૩૭

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર, -

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી ઓછામાં ઓછા ૫૫ % ગુણ સાથે ભૂસ્તરશાસ્ત્ર (જિઓલોજી) અથવા પ્રયોજિત ભૂસ્તરશાસ્ત્ર (એપ્લાઇડ જિઓલોજી) અથવા ભૂસ્તરવિજ્ઞાન (જિઓલોજિકલ સાયન્સ) અથવા ભૂસ્તર સંશોધન (જિઓ એક્સપ્લોરેશન) અથવા ખનિજ સંશોધન (મિનરલ એક્સપ્લોરેશન) અથવા એન્જિનિયરીંગ જિઓલોજી અથવા મરિન જિઓલોજી અથવા અર્થ સાયન્સ એન્ડ રિસોર્સ મેનેજમેન્ટ અથવા પેટ્રોલિયમ જિઓસાયન્સ અથવા પેટ્રોલિયમ એક્સપ્લોરેશન અથવા જિઓકેમિસ્ટ્રી અથવા જિઓલોજિકલ ટેકનોલોજી અથવા જિઓફિઝિકલ ટેકનોલોજીમાં મેળવેલ અનુસ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(ગ) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, માઇન્સ સુપરવાઇઝર, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતાં દરજ્જાની ન હોય તેવી જગા ઉપર આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, માઇન્સ સુપરવાઇઝર, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતાં દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપર, સરકારમાં અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ભારતમાં કાયદાથી સ્થપાયેલ લિમિટેડ કંપની અથવા ખનિજ સંસ્થામાં ખાણકામ અથવા ખનિજ વહીવટ અથવા ખાણકામ વિષયક કાયદા ઘડવાનો અથવા ખનિજ સંશોધનના ક્ષેત્રમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાનાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**કે.એસ.પ્રજાપતિ,**

સરકારના સંયુક્ત સચિવ.

---

Notification

NOTIFICATION

Industries and Mines Department,

Sachivalaya, Gandhinagar.

Dated the.07-06-2016.

Constitution of India. No. GU/2016/58/BRT/102009/634/D-3 :- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post Assistant Geologist, Class II, in the Gujarat Mining Service under the Commissionerate of Geology and Mining, Gujarat State, namely :-

1. These rules may be called Assistant Geologist, Class II, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2016.

2. Appointment to the post of Assistant Geologist Class II, in the Gujarat Mining Service, under the Commissionerate of Geology and Mining, Gujarat State, shall be made either , -

(a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons, who , -

(i) have worked for not less than seven years in the cadre of Royalty Inspector, Class III, in the subordinate service of the Commissionerate of Geology and, Mining, Gujarat State ;

(ii) have passed the prescribed departmental examination for promotion to the post of Assistant Geologist Class II;

(iii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006 :

Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in sub-clause (i) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of the period of not less than two-thirds of the period specified in sub-clause (i) above; or

(b) by direct selection.

3. Appointments by promotion and by direct selection shall be made in the ratio of 1:1.

21

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candi[date] Shall ,-

(a) not be more than 40 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already [in] service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Se[rvices] Classification and Recruitment (General) Rules 1967:

Provided further that nothing contained in clause (b) of sub-rule (9) of rule 8 of the G[ujarat] Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in so fa[r] relaxation of upper age limit as prescribed above is concerned ;

(b) possess,-

(i) a post graduate degree in Geology or applied Geology or Geological Science or G[eo] Exploration or Mineral Exploration or Engineering Geology or Marine Geology or Ea[rth] Science and Resource Management or Petroleum Geosciences or Petroleum Exploration [or] Geochemistry or Geological Technology or Geophysical Technology with minimum 55[%] marks obtained from any of the Universities established or incorporated by or under [a] Central or a State Act in India ; or any other educational institution recognised as such [or] declared to be deemed as a University under section 3 of the University Grants Commiss[ion] Act, 1956 ;

(ii) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Service Classification and Recruitment (General ) Rules 1967 ;

(iii) adequate knowledge of Gujarati or Hindi or both.

(c ) (i) have about three years experience on the post not below the rank of Mines Supervisor, Class III in the subordinate service of the Commissionerate of Geology and Mining, Gujara[t] State ; or

(ii) have about three years experience in the field of mining or mineral administration or mine[ral] legislation or mineral exploration in Government or Government undertakings Board [or] Corporation or Limited Company established by Law in India or Mining Organisation on [a] post which can be considered equivalent to the post not below the rank of Mine[s] Supervisor, Class III in the subordinate service of the Commissionerate of Geology and Mining, Gujarat State.

5. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

6. The candidate appointed by direct selection shall during his probation period require to undergo pre-service training and pass the post-training examination in accordance with the provisions of the Gazetted Officers Pre-service Training and Examination Rules, 1970.

7. The candidate appointed by direct selection shall during his probation period require to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

8. The candidate appointed by direct selection will require to pass the departmental examination and an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

9. The candidate appointed either promotion or by direct selection shall require to undergo such training and pass such examination as may be prescribed by the Government.

10. The candidate appointed by direct selection shall require to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

(K. S. Prajapati)

Joint Secretary to Government.

To,

- The Commissioner, Geology and Mining. Gujarat State. Udyog Bhavan, Gandhinagar.
- The General Administration Department, G-5 Br, Sachivalaya, Gandhinagar.
- The Legislative and Parliamentary Affairs Department/Translation Br. Sachivalaya, Gandhinagar with a request to translate into Gujarati.
- The Manager, Government central Press. Gandhinagar-with a request to publish above Notification into Government Gazette and send 50 copies to this department, and 100 copies to The Comminissioner, Geology and Mining, Gujarat State, Udyog Bhavan, Gandhinagar.
- The Computer Cell, I.M.D., Sachivalaya, Gandhinagar-with a request to display this Notification on department Web Site.
- The Select File.